# મે. રાજકોટના ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, રાજકોટ

**ક્રીમી. કેસ નં– 1620/23**
**આંક –**

**ફરીયાદી – નામદાર સરકાર**

**વિરૂદ્ધ**

**આરોપી** – રજનીભાઇ કેશુભાઇ ખુંટ

**ગુનો – ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ ૬૫એએ વિ.મુજબ...**

**<u>–ः ચુકાદો ः–</u>**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપી ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે પ્રોહી.એક્ટની કલમ ૬૫એએ વિ. મુજબનો ગુનો કરેલ. જે બદલની ફરીયાદ થતા આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. આરોપી હાજર થતા તેને નકલો આપવામાં આવેલ હતી. આજરોજ આરોપીએ હાજર થઇ ગુનો કબુલ કરવો હોય તેમ જણાવી કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છીક કબુલાત કરતા હોઈ અને જે મતલબની પુરસીસ રજુ કરેલ છે. આરોપીએ કરેલ ગુના તેમની વાંચી સંભળાવી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

**(૨)** આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. હાલના ગુન્હાની સજાની જોગવાઇ છે કે ગુના માટે કેદ જે ત્રણ વર્ષ સુધી લંબાવી શકાશે અને દંડ કે જેમાં ઓછામાં ઓછી સજાની જોગવાઇ નથી જેથી જેમાં કોર્ટ ઉઠતા સુધીની સજાથી લઇ ત્રણ વર્ષ સુધી સજા કરી શકાય તેમ છે. ચાર્જશીટ પરથી

આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે કોઇ ગુનામાં સંડોવાયેલા તેવી કોઇ હકીકત જણાતી નથી. જેથી સદર કેસની હકીકત જોતા આરોપીની ઉંમર જોતા  તેઓની સ્વૈચ્છીક કબુલાત, આક્ષેપીત ગુનાની સજા જોતા આરોપીની કબુલાત સ્વિકારવાથી અને અને નટવર હરચંદજીના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને રાખતા ઓછી સજા કરવાથી  ન્યાયનો હેતુ જળવાય તેમ છે જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

/// **<u>હુકમ</u>** ///

- **આરોપીને/ઓને ક્રિ.પો.કોડ–૧૯૭૩ ની કલમ–૨૪૧ મુજબ ધી ગુજરાત પ્રોહી. એકટની  કલમ–૬૫એએ વિગેરે મુજબના ગુનાના કામે ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં  આવે છે. જેથી  આરોપીને/ઓને  સદર  ગુનો કરવા  બદલ આરોપીદિઠ રૂ.100 (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી/ઓ  સદર  દંડની  રકમ ના ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**
- **સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ બાબતે જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી કરવામાં આવે છે. જો કોઇ હુકમ ન હોય તો વાહન/મોબાઇલફોનની માલીકીની ખરાઈ કરી તેના માલીકને તાત્કાલીક સોંપવાનો હુકમ કરવામાં આવે છે અને બાકી રહેલ નાશપાત્ર મુદામાલનો અપીલ સમયવીતેથી નિયમોનુંસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજ તા.11/2/2023 ની સ્પે. સીટીંગ મેજી. અદાલતમાં જાહેર કર્યો.

તા.11/2/2023

રાજકોટ                                        ચીફ જયુડી. મેજી. – રાજકોટ